# તૈયાર થાવ અને મત આપો. 123 જેટલુ સરળ છે.

આ વર્ષ ચૂંટણીનું વર્ષ છે – કોણ દેશને ચલાવે છે તેના વિશે તમારું મંતવ્ય આપવાની તમે તક મેળવો છો અને ભવિષ્યમાં સરકારની ચૂંટણી કરવા માટે અમે ઉપયોગમાં લેવાના છીએ તે ચૂંટણી વ્યવસ્થાનો પ્રકાર. મતદાન સરળ છે. ફક્ત ત્રણ પગલાંનું પાલન કરો.



## હમણાં જ મતદાન માટે નોંધણી કરાવો!

**તમે આ મુજબની લાયકાત ધરાવતા હો તો ફરજિયાત નોંધણી કરાવો:**

- ન્યુઝીલેન્ડના નાગરીક હો અથવા કાયમી નિવાસી હો; અને
- 18 અથવા વધુ વયના હો; અને
- ઓછામાં ઓછા એક વર્ષથી સતત ન્યુઝીલેન્ડમાં રહેતા હો.

**નોંધણી સરળ છે. ફક્ત એક નોંધણી ફોર્મ ભરો. આ રીતે હમણાં જ મેળવો:**

- તમારું નામ અને સરનામું લખી 3676 પર મોકલો
- www.elections.org.nz અથવા www.ivotenz.org.nz ની મુલાકાત લો
- 0800 36 76 56 પર ફ્રિ ફોન
- કોઇ પોસ્ટશોપની (PostShop) મુલાકાત લો

છેલ્લી મીનીટની રાહ ન જુઓ. હમણાં જ નોંધણી કરાવો અને ચૂંટણી દિવસ આવશે ત્યારે તેનાથી મતદાન સરળ બનશે.

જો તમે ઘર બદલાવ્યું હોય તો પુનઃનોંધણી દ્વારા તમારી નોંધણી માહિતી તમારે આધુનિક કરવાની રહેશે.



## મતદાન સરળ છે.

**જ્યારે તમે મત આપો ત્યારે ઇઝીવોટ (EasyVote) કાર્ડ તમારી સાથે લઇ જાવ. તેનાથી મતદાન સરળ બનશે.**

જો તમે સમયસર નોંધણી કરાવી હશે (ચૂંટણી દિવસના એક મહિના પહેલાં) તો તમે ઇઝીવોટ (EasyVote) કાર્ડ અને માહિતી પેક મેળવશો.

જો તમારી પાસે ઇઝીવોટ (EasyVote) કાર્ડ ન હોય તો પણ તમે મતદાન કરી શકો.

**ચૂંટણી દિવસે, તમારી નજીક ચૂંટણી મથક હશે.**

**ચૂંટણીના દિવસ તમારા મત વિસ્તારના ચૂંટણી મથક પર તમે જઇ શકો તેમ ન હો, તો તમે પહેલાંથી મતદાન કરી શકશો.**

**જો તમારે આવશ્યકતા હોય તો ચૂંટણી કર્મચારીગણ હાજર હશે અથવા તમારી સાથે મિત્ર અથવા સગાંને પણ તમે સાથે લઇ જઇ શકશો.**



## જ્યારે તમે મતદાન કરો

**ચૂંટણી સાથે જ આ વર્ષે આપણી ચૂંટણી વ્યવસ્થા પર રેફરેન્ડમ - સર્વમત છે.**

**તમે મતદાન કરશો ત્યારે તમે બે મત પત્રકો મેળવશો;**

1. **તમારું નારંગી જનરલ ઇલેકશન મત પત્રક** – તમારી ઇચ્છા મુજબ સરકારમાં તમારું પ્રતિનિધિ કરે તેવી સ્થાનિક વ્યક્તિ અને પક્ષને મત આપવા માટે છે.
2. તમારું જાંબુડિયા રંગનું રેફરેન્ડમ મત પત્રક – ભવિષ્યમાં અમારી સરકારની ચૂંટણી કરવા માટે અમે ઉપયોગમાં લેવાના છીએ તે ચૂંટણી વ્યવસ્થા વિશે તમારું મંતવ્ય આપવા માટે છે. તમને પૂછવામાં આવશે:
   - તમે MMP રાખવા માગો છો અથવા અન્ય ચૂંટણી વ્યવસ્થામાં ફેરફાર કરવા માગો છો; અને
   - જો ન્યુઝીલેન્ડ MMP માંથી બદલવાનું નક્કી કરે તો અન્ય ચાર ચૂંટણી વ્યવસ્થાઓમાંથી તમે કઇ પસંદ કરશો.

**વધુ માહિતીની આવશ્યકતા છે?** • 0800 36 76 56 પર ફ્રિ ફોન • www.elections.org.nz • www.ivotenz.org.nz

શબ્દ ફેલાવો. નોંધણી કરાવવી અને મત આપવાનું કેટલું સરળ છે તે તમારા મિત્રો અને પરિવારને જણાવો.

મતદાન અને નોંધણી વિશે અન્ય ભાષાઓમાં માહિતી માટે www.elections.org.nz પર જાવ.

ELECTIONS